અપીલ અરજી નં.૨૩૮ તા.૩૦–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૭–૮–૧૦ની અરજીથી (૧) તા.૧૬–૪–૧૦ ના રોજ સેન્ટ્રલઝોનના આકારણી વિભાગનાં કર્મચારી શ્રી ભાવિન ડી. શાહ, આરિફ આઝાદનું સરનામુ ચેન્જ કરવા અંગેના પાંચ હજાર રૂા. લેતા એ.સી.બી.ની ટ્રેપમાં રંગે હાથે ઝડપાઈ ગયા બાદ ૪૮ કલાકથી વધુ સમય સબજેલમાં રહેલ હોય જેઓની વિરૂધ્ધની આપના વિભાગની કાર્યવાહીની માહિતીની નકલો આપવા વિનંતી. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩૦–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૩૮/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૭–૮–૧૦ની અરજીથી (૧) તા.૧૬–૪–૧૦ ના રોજ સેન્ટ્રલઝોનના આકારણી વિભાગનાં કર્મચારી શ્રી ભાવિન ડી. શાહ, આરિફ આઝાદનું સરનામુ ચેન્જ કરવા અંગેના પાંચ હજાર રૂા. લેતા એ.સી.બી.ની ટ્રેપમાં રંગે હાથે ઝડપાઈ ગયા બાદ ૪૮ કલાકથી વધુ સમય સબજેલમાં રહેલ હોય જેઓની વિરૂધ્ધની આપના વિભાગની કાર્યવાહીની માહિતીની નકલો આપવા વિનંતી. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ)અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૧૪૫ તા.૧૮–૯–૧૦ થી આપેલ માહિતીના મુદ્દા નં.૧ ,૨ ની માહિતી આપેલ ન હોવાનું તથા શાસનાધિકારી જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) તરફથી મુદ્દા નં.૩,૪ ના કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૩ તા.૧૨–૧૧–૧૦ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) તથા અરજદારને અપીલ અરજીમાં રજુ કરેલ વિગતો જોતાં નં.૧ અને ૨ ના હુકમ જાહેર માહિતી અધિકારીએ તેમના પત્ર તા.૧૮–૯–૧૦ થી આપેલ જણાય છે. તેમ છતાં તે મુદ્દા અંગે આપને શી બાબતે નારજગી છે. મુળ અરજીથી માંગેલ માહિતી અનુસંધાને સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૪૪ તા.૧૯–૧૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને મુદ્દા નં.૧,૨,૫, અને ૬ સંદર્ભે માહિતી દસ્તાવેજ ફી ભરપાઈ કરવા અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૭૯ તા.૪–૯–૧૦ ના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન / આરટીઆઈ/જાવક/૬૫૪ તા.૧૦–૮–૧૦ થી પર્સોનલ ઓફિસર મહેકમ, કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન તથા શાસનાધિકારી (ન.પ્રા.શિ.સ.)ને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/ લીંબાયત/આ.નં.૧૯૨૫ તા.૧૬–૮–૧૦ થી પર્સોનલ ઓફિસર મહેકમને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૨૧૪૫ તા.૧૮–૯–૧૦ થી માહિતી/દસ્તાવેજી નકલપૂરી પાડવા અંગેના પત્રની નકલ, ગુજરાત સરકાર સા. વહીવટ વિભાગ ઠરાવ ક્રમાંક સીવીઓ – ૧૨૨૦૦૫–૧૦૭૭–ત.એ તા.૨૦–૭–૦૭ ના ઠરાવની નકલ, તા.૪–૭–૦૭ના નોટીફીકેશનની નકલ, પત્ર ક્રમાંક અમન/૮૦૯૭/૧૭૦૦ તા.૨૨–૭–૯૭ થી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્રની નકલ, નં.જીએડી/ઈએસટી/૨૨૮ તા.૧૭–૪–૧૦ થી ત્રીજી શ્રૈણી કલાર્ક ભાવિન દિલીપકુમાર શાહના ફરજ મૌકુફી હેઠળ મુકવા બાબત કચેરી હુકમની નકલ, નં.જીએડી/ઈએસટી/ ૧૨૪૩ તા.૧૪–૭–૧૦ થી ત્રીજી શ્રૈણી કલાર્ક શ્યામકુમાર બી. પટેલના ફરજ મૌકુફી હેઠળ મુકવા બાબત કચેરી હુકમની નકલ વિગેરે અત્રે મળેલ છે. તથા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ) તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૯–૧૧–૧૦ થી મુદ્દા નં.૧ થી ૬ પૈકી મુદ્દા નં.૨,૫ અને ૬ અંગેની માહિતીની નકલ મળેલ છે પરંતુ મુદ્દા નં.૧,૩,૪ અને અંગેની માહિતી અને નકલોની ફી અંગેના જાણ પણ કરવામાં આવેલ નથી કે માહિતીની નકલો પાઠવેલ નથી તેવું જણાવતો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૭–૮–૧૦ ની અરજીથી ઉપરોકત નિર્દિષ્ટ વિગતે માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને (૧) તા.૧૬–૪–૧૦ ના રોજ સેન્ટ્રલઝોનના આકારણી વિભાગનાં કર્મચારી શ્રી ભાવિન ડી. શાહ, આરિફ આઝાદનું સરનામુ ચેન્જ કરવા અંગેના પાંચ હજાર રૂા. લેતા એ.સી.બી.ની ટ્રેપમાં રંગે હાથે ઝડપાઈ ગયા બાદ ૪૮ કલાકથી વધુ સમય સબજેલમાં રહેલ હોય જેઓની વિરૂધ્ધની આપના વિભાગની કાર્યવાહીની માહિતીની નકલો આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી (૨) તા.૭–૩–૧૦ ના રોજ લીંબાયતઝોનમાં આકારણી વિભાગના કર્મચારી શ્રી શ્યામ બાબુ પટેલ ચંદ્રકાંત ખત્રીના ભાડુત કારખાનાની આકારણી ઓછી કરવા અંગેના છ હજાર રૂપિયા લેતાં એ.સી.બી.ની ટ્રેપમાં રંગે હાથે ઝડપાય ગયા બાદ ૪૮ કલાકથી વધુ સમય સબ જેલમાં રહેલ હોય જેઓની વિરુધ્ધની આપના વિભાગની કાયદાકીય માહિતીની નકલો

આપવા વિનંતી. (૩) તા.૨–૮–૧૦ ના રોજ ન.પ્રા.શિ.સ. ના શાસાનાધિકારી શ્રી દિલીપસિંહ ઠાકુર તેમના ડ્રાઈવર સાથે ગોવિલંદભાઈ કોન્ટ્રાકટર પાસે બે લાખ પચાસ હજારમાંથી એક લાખ પચ્ચીસ હજારનો પહેલો હપ્તો લેતાં એ.સી.બી.ની. ટ્રેપમાં રંગે હાથે ઝડપાઈ ગયા બાદ ૪૮ કલાકથી વધુ સમય સબ જેલમાં બંને ભ્રષ્ટાચારી આરોપી તરીકે રહેલ હોય અને ઓફિસ. સુપ્રિ. શ્રી જયંતિ પટેલ પણ આ ભ્રષ્ટાચારમાં સામેલ હોય જેઓ ત્રણેય વિરુધ્ધની આપના વિભાગ કાયદાકીય માહિતીની નકલ આપવા વિનંતી. (૪) ભ્રષ્ટાચારના આરોપી ન.પ્રા.શિ.સ. ના શાસનાધિકારી વિરુધધ ન.પ્રા.શિ.સ. ના અધ્યક્ષ રૂપીન પચ્ચીગરે મા. કમિ. મેડમને લખેલ પત્રની અને મા. કમિ. મેડમે ન.પ્રા. સ. ના અધ્યક્ષશ્રી રૂપીન પચ્ચીગરને આપેલ પ્રત્યુત્તર પત્રોની માહિતીની નકલો આપવા વિનંતી. (૫) આ એક પછી એક બે લગામ આપની કચેરીના કર્મચારીઓ ભ્રષ્ટાચારમાં પકડાતા જાય છે ન પકડાય તે બચી જાય છે જેથી સા.સ.ઠ. ની સસ્પેન્ડ બાદની ૫૦% પગારની રકમ બંધ કરવાની આ ભ્રષ્ટાચારને ડામવા અન્ય કડક કાયદા અંગેની ભાવિ યોજના બનાવવા અંગે માહિતીની નકલ આપવા વિનંતી. (૬) ડીસમીસ ભ્રષ્ટાચારી ની તરફેણમાં મા. કમિ.શ્રીની ભલામણ ફરીથી નોકરીએ લેવા અંગેની પર પ્રતિબંધ મુકવા બાબતની માહિતીની નકલ આપવા વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૭૯ તા.૪–૯–૧૦ થી મુદ્દા નં.૧,૨,૫ અને ૬ સંદર્ભેની માહિતી દસ્તાવેજી ફી રૂા.૨૦/– ભરપાઈ કર્યેથી પૂરી પાડવામાં આવશે તેવું જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી રસીદ નં.૩૮૭૮૯૭ થી રૂા.૨૦/– ભરપાઈ કર્યેથી અરજદારને નકલ પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૩ અને ૪ અંગે જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ. તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ હોવાનું જણાયેલ નથી. વધુમાં અરજદારે અપીલ અરજી તબકકે મુદ્દા નં.૧ થી ૬ પૈકી મુદ્દા નં.૧ અને ૨ અંગેની માહિતી આજ રોજ સુધી ફી અંગેની જાણકારી કે માહિતી આપેલ નથી તેમજ મુદ્દા નં.૩ અને ૪ અંગેની માહિતીની નકલો અંગેની ફી ની જાણકારી આપતો પત્ર આપેલ નથી તથા ઉપરોકત વિગતથી માંગેલ માહિતી વંચિત રાખવા અંગેનો ઈરાદાપૂર્વક ઈરાદો કરેલ હોય તેમ જણાય છે. જેનાથી અમો નારાજ અસંતુષ્ટ થઈ અપીલ અરજી કરેલ છે. તેમજ મુદ્દા નં.૧,૨,૩,૪ અંગેની માહિતીની નકલો સત્વરે આપવા જણાવેલ છે. અરજદારની રજૂઆતના અનુસંધાને મુદ્દા નં.૧ અને ૨ તથા અને ૬ અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી ફી ભરવા અંગે પત્રથી જાણાવેલ છે. તથા તે અંગેની નકલ પણ ફી ભર્યેથી માહિતી પૂરી પણ પાડવામાં આવેલ જણાય છે. પરંતુ જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારી કક્ષાએથી મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી આપ્યાનું જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૩,૪ની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ. ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧)ડે.કમિ. (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ ),શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ).જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર